

# વિષય : શાળાની ભૌતિક સંપત્તિની સાચવણી અને જાળવણીમાં શિક્ષકોનાં યોગદાનનો અભ્યાસ

**જોષી જિજ્ઞેશકુમાર. એસ.**
(આચાર્ય ગુ.મા. નારાયણ વિદ્યાલય, ભરૂચ)

**પરિચય :**

- શિક્ષણ એ રાષ્ટ્રના વિકાસનું મુખ્ય સાધન છે. શાળાએ શિક્ષણનું કેન્દ્ર છે.જયાં જ્ઞાન સાથે સાથે સંસ્કાર અને સામાજિક મૂલ્યો પણ વિકસે છે.શાળાના અસરકારક સંચાલન માટે ભૌતિક સંપત્તિનું સંરક્ષણ ખૂબ જ અગત્યનું છે. ભૌતિક સંપતિમાં શાળાનું ભવન વર્ગખંડ, લેબોરેટરી, લાયબ્રેરી, ફર્નિચર, રમત-ગમતનો સામાન, વીજળી તથા પાણીની સુવિધાઓ અને ઇલેકટ્રોનિકસ સાધનોમાં કોમ્પ્યુટર લેબ, સ્માર્ટ ટીવી, પ્રોજેકટર, કોમ્પ્યુટર, પ્રિન્ટર વગેરે. આ રીતે ભૌતિક સંપતિ વિના શૈક્ષણિક પ્રકિયા સુચારુ રીતે આગળ વધી શકતી નથી.
- પરંતુ આ સંપત્તિનો સાચો ઉપયોગ અને લાંબા ગાળે જતન થવું તે પણ એટલું જ મહત્ત્વ પૂર્ણ છે. જો આ ભૌતિક સંપત્તિનું યોગ્ય સંરક્ષણ ન થાય તો તેના કારણે શિક્ષણ પ્રકિયા અવરોધિત થાય છે. અને શાળાના વિકાસ પર નકારાત્મક અસર પડે છે.
- આ પરિસ્થિતિમાં શિક્ષકોની ભૂમિકા વિશેષ નોંધપાત્ર છે. શિક્ષકો જાતે સંપત્તિની સાચવણી કરે છે અને સાથે જ વિદ્યાર્થીઓમાં પણ જવાબદારીની ભાવના વિકસાવે છે. શિક્ષકોના માર્ગદશનથી જ વિદ્યાર્થીઓ શાળાની સંપત્તિને પોતાનું સમજી તેની જાળવણીમાં સહયોગી બને છે. તેથી જ શિક્ષકોનું યોગદાન ભૌતિક સંપત્તિની સાચવણી અને જાળવણીમાં અત્યંત નોંધપાત્ર ગણાય છે.

**વિષયની પસંદગી શા માટે ?**

➢ **શિક્ષકોની ભૂમિકા સ્પષ્ટ કરવા માટે** : શાળાના દૈનિક સંચાલનમાં શિક્ષકોની ભૂમિકા ખૂબ મહત્ત્વની છે તેઓ વિદ્યાથીઓમાં જાહેર સંપતિ પ્રત્યે જવાબદારીની ભાવના વિકસાવે છે. તેથી શિક્ષકોનો ભૌતિક સંપત્તિના જતન અને જાળવણીમાં કેટલો ફાળો છે તે જાણવા માટે આ વિષય પસંદ કર્યો છે.

➢ **સમસ્યા નિરાકરણ કરવા માટે** : અનેક શાળાઓમાં જોવા મળે છે કે ફર્નિચર તૂટેલુ હોય છે. પુસ્તકો ગાયબ થાય છે. ઇલેકટ્રોનિકસ ઉપકરણો બગડે છે, મેદાનોનો દૂરુપયોગ થાય છે, નાના બાળકોના રમતના સાધનો તૂટે છે આ સમસ્યાઓ કેમ ઊભી થાય છે. અને તેનો ઉકેલ શિક્ષકો કેવી રીતે લાવી શકે છે. તે જાણવા માટે આ અભ્યાસ જરૂરી છે.

➢ **વિષયની પસંદગી કેવી રીતે થઇ ?**

✓ પ્રાથમિક સંશોધન માટે વિવિધ વિષયો પર વિચારણા કરવામાં આવી.

✓ શૈક્ષણિક ક્ષેત્રમાં ભૌતિક સંપત્તિના જતન અને જાળવણી સાથે જોડાયેલી સમસ્યાએ ખૂબ સામાન્ય અને સર્વત્ર જોવા મળતી હોવાથી આ વિષય પર ધ્યાન ગયું.

✓ સ્થાનિક શાળાઓમાં મુલાકાત દરમિયાન ફર્નિચર, લાયબ્રેરી, લેબોરેટરીના સાધનોની યોગ્ય કાળજી, સાઉન્ડ સિસ્ટમના સાધનો, કેમેરા સ્ટેન્ડ, મોબાઇલ સ્ટેન્ડ, કોમ્પ્યુટર, પ્રિન્ટર વગેરેની યોગ્ય કાળજી ન લેવાતી હોવાની અનૂભૂતિ થઇ.

✓ કેટલાક શિક્ષકોની દૈનિક પ્રવૃતિઓમાં ભૌતિક સંપત્તિ જાળવવાની દૃષ્ટિએ મહત્વપૂર્ણ ફાળો હોવાનું જણાયું.

➢ **નમૂનાની રચના** : (૧) પ્રાથમિક અને પૂર્વ પ્રાથમિકના શિક્ષકો (૨) માધ્યમિક શાળાના શિક્ષકો (૩) ઉ.મા. શિક્ષકો

➢ **પસંદગીનું કારણ** :

૧. શિક્ષકો અને મુખ્ય શિક્ષકો જ શાળાની ભૌતિક સંપત્તિ સાથે રોજિંદા સંપર્કમાં હોય છે.

૨. તેઓ જ સંપત્તિના ઉપયોગ સાચવણી અને જાળવણી માટે જવાબદાર રહે છે.

૩. તેઓ વિદ્યાથીઓને પણ આ દિશામાં માર્ગદર્શન આપે છે. તેથી તેમના પ્રતિભાવો સંશોધન માટે વિશ્વસનીય અને ઉપયોગી છે.

➢ **સંશોધન માટે કઇ પધ્ધતિ નો ઉપયોગ કર્યો ?**

**૧. સર્વે પદ્ધતિના ફાયદા :**

- ઝડપથી મોટી સંખ્યામાં માહિતી મેળવી શકાય છે.
- પરિમાણાત્મક તથા ગુણાત્મક બંને પ્રકારની માહિતી એકત્ર થાય છે.

**શિક્ષણ જીવનભર ચાલતી પ્રક્રિયા છે.**